RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 215 Date: 26.05.2024 Sunday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# અત્યાર સુધી ૯ લાખથી વધુ લોકોએ ચારધામની મુલાકાત લીધી હતી, પર લોકોના મોત થયા






કેદારનાથ,
કમિશનર ગઢવાલે જણાવ્યા અનુસાર, ચારધામ યાત્રા ચાલુ છે. પાછલા વર્ષોની સરખામણીમાં ડુંગરાળ વિસ્તારોમાં આવેલા ચારેય ધામોમાં રેકોર્ડબ્રેક ભક્તો દર્શન કરી રહ્યા છે. ભીડને કારણે તંત્રમાં સમસ્યા છે, જ્યારે ચારધામ યાત્રા દરમિયાન અત્યાર સુધીમાં પર લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે. હાલ ચારેય ધામોમાં યાત્રા સુચારૂ રીતે ચાલી રહી છે. મુસાફરીની વ્યવસ્થા સુધારવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રોકાવાની જગ્યાઓ પર વિશેષ સેક્ટર મેજિસ્ટ્રેટ તૈનાત કરવા સૂચના આપવામાં આવી છે. સેક્ટર મેજિસ્ટ્રેટ દર બે કલાકે સ્વચ્છતા વ્યવસ્થાનો રિપોર્ટ મોકલશે.

કમિશનર ગઢવાલે કહ્યું કે અત્યાર સુધીમાં ચારધામ યાત્રા માટે આવેલા પર શ્રદ્ધાળુઓના મોત થયા છે. જેમાં મોટાભાગના લોકોની ઉંમર ૬૦ વર્ષથી ઉપર છે. મોટાભાગના મૃત્યુ હાર્ટ એટેકના કારણે થયા છે. ગંગોત્રીમાં ૦૩, યમુનોત્રીમાં ૧૨, બદ્રીનાથમાં ૧૪ અને કેદારનાથમાં ૨૩ શ્રદ્ધાળુઓના મોત થયા છે. ભક્તોની નિયમિત તપાસ કરવામાં આવી રહી છે. ડોકટરો દ્વારા તબીબી સારવાર અને દેખરેખ પછી, ઘણા શ્રદ્ધાળુઓને મુસાફરી ન કરવાની સલાહ આપવામાં આવી રહી છે. તે પછી પણ જો કોઈ શ્રદ્ધાળુ યાત્રાએ જતા હોય તો તેને લેખિતમાં ફોર્મ ભરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગઢવાલ કમિશનરે કહ્યું કે ઉત્તરાખંડની અર્થવ્યવસ્થામાં તીર્થયાત્રા અને પર્યટનનું મહત્વનું યોગદાન છે. ચારધામ યાત્રા રાજ્યની અર્થવ્યવસ્થાને વધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

કમિશનર ગઢવાલે કહ્યું કે ૧૦ મે, ૨૦૨૪ના રોજ શ્રી કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીના દરવાજા અને ૧૨ મેના રોજ શ્રી બદ્રીનાથના દ્વાર ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. ત્યારથી ૨૩ મે ૨૦૨૪ સુધીમાં કુલ ૦૯ લાખ ૬૭ હજાર ૩૦૨ ભક્તોએ ચાર ધામના દર્શન કર્યા છે. ૦૧ લાખ ૭૯ હજાર ૯૩૨ શ્રદ્ધાળુઓએ યમુનોત્રી ધામ, ૦૧ લાખ ૬૬ હજાર ૧૯૧ ગંગોત્રી ધામમાં, ૦૪ લાખ ૨૪ હજાર ૨૪૨ શ્રી કેદારનાથમાં અને ૦૧ લાખ ૯૬ હજાર ૯૩૭ શ્રદ્ધાળુઓએ બદ્રીનાથ ધામના દર્શન કર્યા છે. અગાઉના વર્ષોની સરખામણીએ આ વર્ષે પ્રથમ પખવાડિયામાં ભક્તોની સંખ્યા લગભગ બમણી છે. ગઢવાલ કમિશનરે કહ્યું કે ચારધામ યાત્રામાં ભીડ વ્યવસ્થાપન માટે જરૂર પડશે ત્યારે જ એનડીઆરએફ અને આઈટીબીપી ની મદદ લેવામાં આવશે.

કમિશનર ગઢવાલે વધુમાં જણાવ્યું હતું કે, ચારધામ યાત્રાના શરૂઆતના દિવસોમાં શ્રદ્ધાળુઓની સંખ્યામાં ઝડપથી વધારો થયો હતો અને ટ્રાફિક જામની સમસ્યા પણ ઊભી થઈ હતી. કેટલાક કિસ્સાઓ એવા પણ જોવા મળ્યા હતા જેમાં યાત્રિકો પાછળથી દર્શન માટે નોંધાયેલા હતા, પરંતુ તેઓએ યાત્રા પહેલા શરૂ કરી હતી. નકલી નોંધણીની કેટલીક ફરિયાદો પણ મળી હતી, આ સંદર્ભમાં ઋષિકેશમાં વિવિધ ટૂર ઓપરેટરો સામે ત્રણ એફઆઈઆર નોંધવામાં આવી હતી, હરિદ્વારમાં ૦૧ અને રુદ્રપ્રયાગમાં ૦૯. ખૂબ જ કડક સૂચના આપવામાં આવી છે કે કોઈ પણ સંજોગોમાં નોંધણી વિના અને નોંધણીની નિયત તારીખ પહેલાં મુસાફરીને મંજૂરી આપવામાં આવશે નહીં.

વધુમાં કમિશનર ગઢવાલે માહિતી આપતા કહ્યું હતું કે, શ્રી કેદારનાથ જતી વખતે હેલિકોપ્ટરની હાઈડ્રોલિક સિસ્ટમમાં ટેકનિકલ સમસ્યા હતી, પાઈલટની સમજદારીને કારણે તેણે સોફ્ટ લેન્ડિંગ કરાવ્યું હતું. તમિલનાડુના ૦૬ મુસાફરો હતા, બધા સુરક્ષિત છે.

## પશ્ચિમ બંગાળમાં છઠ્ઠા તબક્કાના મતદાનના થોડા કલાકો પહેલા બે પક્ષો વચ્ચે હિંસા

મહિષાદલ,
ફરી એક વખત પશ્ચિમ બંગાળમાં છઠ્ઠા તબક્કાના મતદાનના થોડા કલાકો પહેલા ભાજપ અને ટીએમસી વચ્ચે ઘર્ષણના બે અલગ-અલગ કિસ્સા બન્યા હતા, પૂર્વ મિદનાપુરમાં એક ટીએમસી કાર્યકરની હત્યા કરી દેવામાં આવી અને અન્ય એક ટીએમસી કાર્યકર ગંભીર રીતે ઘાયલ થઈ ગયો. પ્રથમ ઘટના પૂર્વ મિદનાપુરના મહિષાદલની છે જ્યારે બીજી ઘટના પણ પૂર્વ મિદનાપુરની છે. શુક્રવારે રાત્રે અહીંના બક્ચા વિસ્તારમાં તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો વચ્ચે જોરદાર અથડામણ થઈ.પશ્ચિમ બંગાળમાં મતદાનની એક રાત પહેલા એટલે કે શુક્રવારની રાત્રે ૨૪ મે ૨૦૨૪ની રાતે પૂર્વ મિદનાપુર જિલ્લાના મહિષાદલમાં તૃણમૂલ કોંગ્રેસના એક નેતાની હત્યા કરી દેવામાં આવી. એવો આરોપ છે કે ભાજપના કાર્યકર્તાઓએ તેમની હત્યા કરી છે. મૃતક નેતાની ઓળખ શેખ મૈબુલ તરીકે થઈ છે. તેઓ ગ્રામ પંચાયતના પૂર્વ સભ્ય હતા. તૃણમૂલ કોંગ્રેસનું કહેવું છે કે મૈબુલ શુક્રવારે રાત્રે લગભગ ૧૧ વાગે પાર્ટી કાર્યકરને ઉતાર્યા બાદ બાઈક પર ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે તેમના પર હુમલો કરવામાં આવ્યો .આ ઘટના બાબતે મળતી માહિતી મુજબ હુમલાખોરોએ તેમના પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો અને ઘણા વાર કર્યા. તેમનું મોત થઈ ગયા પછી આરોપીઓએ તેમની લાશ તળાવમાં ફેંકી દીધી. જ્યારે કેટલાક લોકોને આ વાતની જાણ થઈ તો તેઓએ લાશને બહાર કાઢીને હોસ્પિટલ લઈ ગયા, પરંતુ ડોક્ટરોએ મૈબુલને મૃત જાહેર કર્યો. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. આ મામલે મહિષાદલ પોલીસે ભાજપના ૫ કાર્યકરોની ધરપકડ કરી લીધી છે.

શુક્રવારે રાત્રે પૂર્વ મિદનાપુરના બક્ચા વિસ્તારમાં તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો વચ્ચે જોરદાર અથડામણ થઈ, જેમાં અનંત બિજલી નામનો તૃણમૂલ કોંગ્રેસ કાર્યકર ગંભીર રીતે ઘાયલ થયો છે. તૃણમૂલનો આરોપ છે કે પીડિતને લોખંડના સળિયા અને ડંડાથી માર મારવામાં આવ્યો છે. તેને લોહી નીકળતી હાલતમાં મૈના આરોગ્ય કેન્દ્રમાં લાવવામાં આવ્યો, ત્યાંથી તેને તામલુક જિલ્લા હોસ્પિટલમાં રિફર કરી દેવામાં આવ્યો.

## ચક્રવાતી તોફાન રેમલ આજ સાંજ સુધીમાં બાંગ્લાદેશ અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠે ત્રાટકશે

કોલકાતા,
હવામાન વિભાગ દ્વારા ચક્રવાતી તોફાન રેમલ ને લઈને આગાહી કરી હતી કે આજે (રવિવાર) સાંજ સુધીમાં બાંગ્લાદેશ અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠે ત્રાટકશે. હવામાન વિભાગે આ ચક્રવાતી તોફાનને લઈને એલર્ટ જાહેર કર્યું છે. બંગાળની ખાડીમાં ચોમાસાની મોસમનું આ પ્રથમ ચક્રવાત હશે. આ ચક્રવાતને કારણે ૧૦૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. તે જ સમયે, પશ્ચિમ બંગાળ અને ઉત્તર ઓડિશા, મિઝોરમ, ત્રિપુરા અને દક્ષિણ મણિપુરના દરિયાકાંઠાના જિલ્લાઓમાં ૨૬ અને ૨૭ મેના રોજ ભારે વરસાદ થઈ શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આસામ અને મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મિઝોરમ, મણિપુર અને ત્રિપુરામાં ૨૭ અને ૨૮ મેના રોજ વરસાદ પડી શકે છે. પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના જિલ્લાઓમાં ૨૬ મેના રોજ વરસાદની સંભાવના છે. ચક્રવાતને જોતા હવામાન વિભાગે માછીમારોને દરિયામાં ન જવાની સલાહ આપી છે. આ સિવાય પહેલાથી જ દરિયામાં રહેલા માછીમારોને ૨૬ મે પહેલા દરિયાકાંઠે પરત ફરવાની સલાહ આપવામાં આવી છે.



ભારતીય કોસ્ટ ગાર્ડ (આઈસીજી) એ ચક્રવાતી તોફાન 'રેમાલ'ને પહોંચી વળવા માટે જરૂરી પગલાં લેવાનું શરૂ કરી દીધું છે. દરિયામાં જાનમાલના સંભવિત નુકસાનને ઘટાડવા માટે નવ આપત્તિ રાહત ટીમોને વ્યૂહાત્મક સ્થળોએ તૈનાત કરવામાં આવી છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, '૯ ડિઝાસ્ટર રાહત ટીમો હલ્દિયા, પારાદીપ, ગોપાલપુર અને ફ્રેઝરગંજમાં તૈનાત કરવામાં આવી છે. આ સિવાય પૂર્વ કિનારે ૧૦ જહાજ અને ૨ એરક્રાફ્ટ તૈનાત કરવામાં આવ્યા છે, જેથી તેઓ દરિયામાં હાજર કે જતા માછીમારો પર નજર રાખી શકે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે ૨૪ મેના રોજ પશ્ચિમ મધ્ય અને તેની નજીકના દક્ષિણ બંગાળની ખાડીમાં ખેપુપારા (બાંગ્લાદેશ)થી લગભગ ૮૦૦ કિમી દક્ષિણ-દક્ષિણપશ્ચિમ અને કેનિંગ (પશ્ચિમ બંગાળ)થી ૮૧૦ કિમી દૂર મધ્ય બંગાળની ખાડી પર ચિહ્નિત નીચા દબાણનું ક્ષેત્ર બન્યું હતું દક્ષિણમાં વાવાઝોડુંમાં ફેરવાઈ ગયું છે. આ વાવાઝોડું હાલમાં ઉત્તર તરફ આગળ વધી રહ્યું છે. આ વાવાઝોડું ૨૬ મેની મધ્યરાત્રિની આસપાસ સાગર દ્વીપ અને ખેપુપારા વચ્ચે બાંગ્લાદેશ અને તેની આસપાસના પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાને પાર કરે તેવી શક્યતા છે.

## નવસારીના ચીખલી વાંસદા રોડ પર ઈકો ગાડી પલટી મારી જતાં, ૨ મહિલાઓના મોત




નવસારી,
નવસારીના ચીખલી વાંસદા રોડ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં એક ઈકો ગાડી ડિવાઈડર સાથે અથડાયા બાદ પલ્ટી મારી હતી. ઈકો ગાડી પલ્ટી મારવન કારણે તેમાં સવાર બે મહિલાના મોત થયા હતા અને ગાડીના ડ્રાઈવરને ગંભીર ઈજા થઈ હતી તેથી તેને સારવાર અર્થે એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક ધોરણે હોસ્પિટલ ઘસેડાયો હતો. મૃતક મહિલા વલસાડના હોવાનું પ્રાથમિક માહિતી મુજબ જાણવા મળ્યું છે. આ માર્ગ અકસ્માત થયો ત્યારે આસપાસના લોકો તરત જ દોડી આવ્યા હતા. તેઓએ ગાડીમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ને બોલાવવામાં આવી હતી. તેની સાથે કેટલાયને તો અકસ્માતના સ્થળે જ સારવાર આપવામાં આવી હતી.

આસપાસના સ્થાનિક લોકોની મદદના કારણે કેટલાય લોકોના જીવ બચી શક્યા હતા. ઘટનાની જાણ થવાના પગલે સ્થાનિક પોલીસ દોડી આવી હતી અને તેણે અકસ્માત ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. તેની સાથે મૃત્યુ પામેલાઓને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. પોસ્ટમોર્ટમ પછી પોલીસ મૃત્યુ પામેલાઓની ઓળખ કરીને તેમનો મૃતદેહ તેમના સગાસંબંધીઓને સોંપશે.

## પાટણમાં સમી ઝીલવાણા રોડ પર બે ગાડીઓ વચ્ચે અકસ્માત, એક દંપતીનું કરુણ મોત

પાટણ,
પાટણમાં સમી ઝીલવાણા રોડ પર એક મોટો ભયાનક અકસ્માત થયો હતો જેમાં એક દંપતીનું કરુણ મોત નીપજ્યું હતું. આ માર્ગ અકસ્માત ૨ ગાડીઓ, અલ્ટો અને અર્ટિગા વચ્ચે થયો હતો અને અકસ્માતમાં અલ્ટો ગાડીમાં સવાર દંપતીનું ઘટનાસ્થળે મોત થયું હતું જ્યારે અર્ટિગા ગાડીમાં સવાર ઈસમને પણ ગંભીર ઈજા થઈ હતી. તેને રાધનપુર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ભયંકર અકસ્માતના પગલે સ્થાનિકો તરત જ દોડી આવ્યા હતા. તેઓએ ગાડીમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ને બોલાવવામાં આવી હતી. તેની સાથે કેટલાયને તો અકસ્માતના સ્થળે જ સારવાર આપવામાં આવી હતી.જો કે, આસપાસના સ્થાનિકોની મદદના કારણે કેટલાય લોકોના જીવ બચી શક્યા હતા. ઘટનાની જાણ થવાના પગલે સ્થાનિક પોલીસ દોડી આવી હતી અને તેણે અકસ્માત ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. તેની સાથે મૃત્યુ પામેલાઓને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. પોસ્ટમોર્ટમ પછી પોલીસ મૃત્યુ પામેલાઓની ઓળખ કરીને તેમનો મૃતદેહ તેમના સગાસંબંધીઓને સોંપશે. આ ઉપરાંત પોલીસ ડ્રાઈવર નશામાં હતો કે નહીં તેની પણ ચકાસણી કરશે. આ માટે છેલ્લે આ વાહન જ્યાં રોકાયું હતું તે સ્થળ પણ જીપીએસની મદદથી શોધીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

## સુરત મહાનગરપાલિકાના સફાઈ કર્મચારી પર એક શખ્સે નશાની હાલતમાં હુમલો કર્યો

સુરત,
સુરત મહાનગરપાલિકાના એક સફાઈ કર્મચારી ઉપર એક શખ્સે નશાની હાલતમાં હુમલો કર્યો હતો. મહાનગરપાલિકાના સફાઈ કર્મચારી પોતાના ભેસ્તાન વિસ્તારમાં સફાઈ કરી રહ્યો હતો તે દરમિયાન તેના વિસ્તારના એક શખ્સે નશાની હાલતમાં ત્યાં આવીને બોલાચાલી કરવા લાગ્યો હતો અને ત્યારબાદ ભેસ્તાન આવાસમાં આવેલી ઓફિસમાં પ્રવેશ કરી તીક્?ણ હથિયાર વડે હુમલો કર્યો હતો, જેથી સફાઈ કામદારને જમણા હાથની કોણીના ભાગે ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

ભેસ્તાન વિસ્તારમાં ફરજ બજાવતા મનપાના સફાઈ કર્મચારી રાબેતા મુજબ તેમના વિસ્તારમાં સફાઈ કરવા ગયા હતા, તે દરમિયાન ત્યાં હાજર એક શખ્સ સાથે સામાન્ય બોલાચાલી થઈ હતી, જેમાં મામલો ઉગ્ર બન્યો હતો, ત્યારબાદ ભેસ્તાન આવાસમાં આવેલી ઓફિસમાં પ્રવેશ કરી તીક્?ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. જેથી સફાઈ કામદારને જમણા હાથના કોણીના ભાગે ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

ઈજાગ્રસ્ત કર્મચારી પ્રકાશ સન્યાસીએ કહ્યું કે, હું સફાઈ કામદાર છું. છેલ્લા ૩ દિવસ બાદ કામ પર હાજર થયો હતો. કોઈ પંડિત નામના શખ્સે બોલાચાલી કરી અપશબ્દો કહેતા કચરાની ગાડી વાળો જતો રહ્યો હતો ત્યારે મને કહેવા લાગ્યો કે તમે હરામનો પગાર લો છો. પરંતુ હું મારા અધિકારીને ફોન કરતા ત્યાંથી નીકળીને ઓફિસ જતો રહ્યો હતો. પરંતુ ઓફિસમાં ચપ્પુ લઈને આવી ગયો અને મારા પર હુમલો કર્યો હતો. જેથી મને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં હોસ્પિટલ લઈ આવવામાં આવ્યો હતો. ભેસ્તાન આવાસમાં આવેલી ઓફિસમાં ઘુસીને હુમલો કરવામાં આવ્યો હતો. આ અંગે અધિકારીએ કહ્યું કે, જો આ રીતે ઓફિસમાં ઘુસીને હુમલાઓ થતાં રહેશે તો કર્મચારીઓને કામ કરવું પણ મુશ્કેલ થઈ જશે.

**તંત્રી લેખ......**

# નાહકનો વિવાદ

મતદાનના આંકડાને લઈને ઊઠી રહેલા સવાલો વચ્ચે ચૂંટણી પંચે એ સ્પષ્ટ કરી દીધું છે કે મતદાનના દિવસે જારી થનારા આંકડા અને અપડેટ આંકડામાં એકાદ-બે ટકાનું અંતર હોવું કોઈ અસામાન્ય વાત નથી અને પહેલાં પણ આવું થતું રહ્યું છે. રાજકીય પક્ષો આ તથ્યથી અજાણ તો નથી, પરંતુ તેઓ નાહકનો વિવાદ પેદા કરવા માગે છે. ચૂંટણી પંચે એ પણ સ્પષ્ટ કર્યું છે કે કયાં કારણોસર મતદાનના અપડેટ આંકડા જારી કરવામાં વિલંબ થાય છે. તેણે પાછલી ચૂંટણીઓના આંકડા જારી કરીને એ પણ રેખાંકિત કર્યું છે કે પહેલાં પણ પાંચ-સાત દિવસ બાદ અપડેટ આંકડા જાહેર કરાતા રહ્યા છે. આ સ્પષ્ટીકરણ છતાં તેનો અણસાર ઓછો છે કે વિપક્ષી રાજકીય પક્ષ ચૂંટણી પંચને કઠેરામાં ઊભા કરવાનું બંધ કરશે. એના પર આશ્ચર્ય નહીં કે કેટલાક લોકો આ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયા છે. તે ઉપરાંત કોંગ્રેસને એ લાગવા માંડ્યું છે કે મતદાનના દિવસે જારી થનારા વચગાળાના આંકડા અને અંતિમ આંકડામાં અંતરની પાછળ ક્યાંક કોઈ પ્રકારની ગરબડ તો નથી ને? આ આશંકાનો કોઈ મતલબ નથી, કારણ કે મતદાનની પ્રક્રિયા સંપન્ન થયા બાદ તમામ પક્ષોના પોલિંગ એજન્ટોને તેની વિગતો આપી દેવાય છે કે ક્યાં કેટલા ટકા મતદાન થયું. તે ઉપરાંત ઈવીએમને સઘન સુરક્ષામાં રાખવામાં આવે છે. આ સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ રાજકીય પક્ષોના કાર્યકર્તા પણ કરે છે. સ્પષ્ટ છે કે મતદાન ટકાવારીના જે આંકડા ચૂંટણી પંચ દ્વારા જમાવવામાં આવે છે, તેમાં ફેરબદલ કરવો સંભવ નથી, કારણ કે તેની પુષ્ટિ ઈવીએમથી થાય છે.

ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ જાણકારી અનુસાર પહેલા ચાર ચરણમાં મતદાનના દિવસે જારી વચગાળાના આંકડા અને અંતિમ આંકડામાં અંતર લગભગ એક કરોડ મતોનું છે. આને ભારે અંતર એ મૂરખ જ કહી શકે, જેને એનું જ્ઞાન ન હોય કે દેશમાં મતદારોની કેટલી વધુ સંખ્યા છે. પહેલા ચાર ચરણોમાં ૪૫.૧૦ કરોડ લોકોએ મતદાન કર્યું છે. એવામાં એક કરોડનું અંતર કોઈ ખાસ વાત નથી. આ ઉપરાંત જ્યારે બધાને ખબર છે કે ઈવીએમ દ્વારા મતદાનના આંકડાની પુષ્ટિ થઈ જ જવાની છે, તો પછી ચૂંટણી પંચ પર શંકા વ્યક્ત કરવાનો શો મતલબ? એવું લાગે છે કે એના પર શંકા વ્યક્ત કરવાનું કામ એટલા માટે કરાઈ રહ્યું છે કે જેથી જો ચૂંટણી પરિણામ પ્રતિકૂળ આવે તો તેના પર ઠીકરું ફોડી શકાય. ધ્યાન રહે કે આ કામ પહેલાં પણ થતું રહ્યું છે અને તેના માટે નિશાનો બનાવવામાં આવે છે ઈવીએમને. આ વખતે પણ ચૂંટણી શરૂ થતાં પહેલાં એવી કોશિશ કરવામાં આવી કે મતદાન ઈવીએમને બદલે બેલેટ પેપરથી થાય. તેના માટે એવી માંગ કરવામાં આવી કે તમામ વીવીપેટ ચબરખીઓ સાથે તેની મેળવણી થાય. આ એક પ્રકારે પાછલા દરવાજેથી બેલેટ પેપરના યુગમાં પાછા ફરવા જેવી માંગ હતી. આવું એ તથ્ય છતાં કરવામાં આવે છે કે ખુદ સુપ્રીમ કોર્ટે બધાં તથ્યો તપાસી ઈવીએમથી જ ચૂંટણી કરાવવાનો ચુકાદો આપ્યો છે.

## પાટણ ના નિવૃત સરકારી વકીલનું ટૂંકી માંદગી બાદ નિધન થયું

પાટણ તાલુકાના ચંદ્રુ માણા ગામના વતની અને પાટણ ખાતે રહેતા નામાંકીત વકીલ જનકકુમાર ભીખુભાઈ વ્યાસનું શુક્રવારે વહેલી સવારે ટૂંકી માંદગી બાદ નિધન થતા ચંદ્રુ માણા ગામ સહિત પંથકમાં શોકની લાગણી વ્યાપી જવા પામી હતી સદગત ગૌરી માતાજીના પરમ ભક્ત હતા તેઓ જ્યુડીસીયલ કોર્ટમાં સરકારી વકીલ તરીકે રહી ચુક્યા હતા દરમિયાન સૌરાષ્ટ્રમાં રાજકોટ પાટણ ચાણસ્મા હારીજ રાધનપુર કોર્ટમાં સેવાઓ આપી હતી કાયદાના ઉંડા અભ્યાસુ હતા સંખ્યા બંધ કાયદાઓ હાલના સમયમાં અપ્રસ્તુત અને બિન ઉપીયોગી બની રહ્યા હતા તે રદ કરવા માટે સદગત ધારાશાસ્ત્રી દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારમાં રજૂઆતો કરી હતી

# ગુજરાતમાં એક જ દિવસમાં હીટવેવથી ૧૬ ના મોત, બહાર નીકળ્યા તો મર્યા સમજો



અમદાવાદ,તા.૨૫

રાજયમાં પડી રહેલી કાળઝાળ ગરમીના કારણે ગુરુવારે ૧૬ લોકોના મોત નિપજયા છે. ગરમીમાં લૂ લાગવા સહિતના કારણે ૧૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જેમાં સુરતમાં ૯, વડોદરામાં ૪ અને મોરબી, જામનગર, રાજકોટમાં ૧-૧ના મોત થયા છે. માત્ર વડોદરામાં જ અત્યાર સુધીમાં ગરમીથી કુલ ૨૩ લોકોના મોત થયા છે. દિવસેને દિવસે વધતી જતી ગરમીના કારણે હાર્ટ એટેક, ડિહાઈડ્રેશનના કેસ વધી રહ્યાં છે. ગરમીમાં બેભાન થઈ જવું, હીટસ્ટ્રોક લાગવો, વોમેટિંગ સહિતના કેસ વધ્યા છે. હાલ અમદાવાદની અસારવા સિવિલના હીટ સ્ટ્રોક વોર્ડમાં ૫ દર્દી દાખલ છે. અતિશય ગરમીને લોકો હવે સહન નથી કરી શક્તાં નથી. આ કાળઝાળ ગરમીમાં લોકો માટે બહાર નીકળવું મુશ્કેલીભર્યું બન્યું છે. તબીબોની સલાહ મુજબ, કામ વગર ગરમીમાં નીકળવાનું ટાળવું જોઈએ.

વડોદરામાં રેકોર્ડબ્રેક ૪૫ ડિગ્રી ગરમીમાં શહેર અગનભઠ્ઠીમાં શેકાયું છે. વડોદરામાં હીટવેવના કારણે વધુ ૫ના મોત થયા છે. આ સાથે જ મોતનો આંકડો ૨૩ પર પહોંચ્યો છે. ગભરામણ અને હાર્ટ એટેકના કારણે વધુ ૫ના મોત થયા છે. વડોદરામાં વર્ષ ૨૦૧૬ માં ૪૪.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતુ. તો ગતરોજ તાપમાનનો પારો ૪૫ ડિગ્રી ઉપર પહોંચી જતા નગરજનોની હાલત કફોડી બની હતી. ૨૩ વર્ષના રોનાલ્ડ થોમસ રોય, ૬૫ વર્ષના દિલીપભાઈ કાકરે, ૭૫ વર્ષના નવીનભાઈ વસાવા, ૬૩ વર્ષના શાંતાબેન મકવાણા, ૪૭ વર્ષના પીટર સેમ્યુઅલનું મોત નિપજ્યું છે. મૃતકોના મોતનું ચોક્કસ કારણ જાણવા પી.એમ કરાવ્યું છે.

સુરતમાં આકરી ગરમીના કારણે ઢળી પડતાં વધુ ૯નાં મોત નિપજ્યા છે. ગરમીના કારણે લૂ, ડીહાઈડ્રેજન તેમજ ઝાડા ઉલ્ટીના કેસમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. સુરત સિવિલમાં ૩ અને સ્મીમેર હોસ્પિટલમાં ૧ દર્દી લૂને પગલે સારવાર હેઠળ છે. બેભાન, તાવ બાદ બેભાન, ગરમીનો તાપ લાગતા, ગભરામણ, ખેંચ આવતા મોતના કારણ બની રહ્યાં છે. તેથી બપોરના સમયે ઘરની બહાર કામ વગર નહિ નીકળવા તંત્ર દ્વારા સૂચના અપાઈ છે.

હાલ પડી રહેલી કાળઝાળ ગરમીથી લોકો હેરાન પરેશાન થઈ ગયા છે.. હીટવેવના કારણે મૃત્યુઆંક પણ સતત વધી રહ્યો છે. તમને જણાવી દઈએ કે, વૃદ્ધોને સીધી અસર થવાના કારણે હીટવેવથી મૃત્યુઆંક ૩૦ ટકાનો વધારો થયો છે. જી હા, ગરમીની સૌથી વધુ અસર વૃદ્ધોને થઈ રહી છે. વડીલોની નબળી રોગ પ્રતિકારક શક્તિના કારણે ગરમીની અસર જલદી થાય છે. ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન જતાં જ હીટવેવની શક્યતાઓ વધી જાય છે. છેલ્લા ૧૦ વર્ષના ડેટા મુજબ હીટવેવથી ૩૦ ટકા મૃત્યુ સામાન્ય મૃત્યુ કરતાં વધી જાય છે. છેલ્લા ૩ દિવસથી અમદાવાદની સાથે સાથે અમરેલી, સુરેન્દ્રનગર, કંડલા, ઈડર અને ગાંધીનગરમાં તારમાનનો પારો ૪૫ ડિગ્રીએ પહોંચી ગયો છે. ત્યારે આ સ્થિતિમાં રોજના સવાસોથી દોઢસો કેસ હીટ સ્ટ્રોકના અને તેની સંબંધિત બિમારીના આવી રહ્યા છે. જણાવી દઈએ કે, ૨૦૧૩માં હીટવેવથી ૧૧૦૦ મૃત્યુ થતાં અમદાવાદ પહેલું એવું શહેર બન્યું કે જ્યાં હીટવેવ એક્શન પ્લાન બનાવવામાં આવ્યો હતો.

## ભારતની નજર આઈસીસી ટ્રોફીના દુષ્કાળનો અંત કરવા પર હશે

નવીદિલ્હી,તા.૨૫

રોહિત શર્માની આગેવાનીમાં ભારતીય ટીમ જયારે આગામી ટી૨૦ વિશ્વકપ માટે અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝ જશે તો તેની નજર ભારત માટે આઈસીસી ટ્રોફીના દુષ્કાળનો અંત કરવા પર હશે. તેમાં કોઈ શંકા નથી કે ઈન્ડિયન પ્રીમિયર લીગમાં પૈસા અને પ્રતિભાની કોઈ કમી નથી અને તે વિશ્વના શ્રેષ્ઠ ક્રિકેટરોને આકર્ષિત કરે છે. ભારતીય ટીમ આઈપીએલ શરૂ થયા બાદ ટી૨૦ વિશ્વકપ જીતવામાં સફળ થઈ નથી. વર્ષ ૨૦૦૭માં દક્ષિણ આફ્રિકામાં પ્રથમ ટી૨૦ વિશ્વકપનું ટાઈટલ જીત્યા બાદ ભારતીય માત્ર એકવાર ૨૦૧૪માં ફાઈનલમાં પહોંચી શકી અને ત્યાં તેણે શ્રીલંકાના હાથે હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ અમે વાત કરી રહ્યાં છીએ તે પાંચ વસ્તુની જે ભારતને વિશ્વ વિજેતા બનાવી શકે છે.

ભારતીય ટીમે જો વિશ્વકપ જીતવો હોય તો આક્રમક ક્રિકેટ ટૂર્નામેન્ટમાં રમવું પડશે. તેણે ઈનિંગની શરૂઆતથી જ ઝડપી રન બનાવવા પડશે. ખાસ કરીને પાવરપ્લેમાં વધુ રન બનાવવા પડશે જેથી સામેવાળી ટીમ દબાવમાં આવે. સારી શરૂઆતથી ટીમ ઈન્ડિયા સારો ટાર્ગેટ ટૂર્નામેન્ટમાં સેટ કરી શકે છે અને મેચ જીતી શકે છે.

જે રીતે ભારતે બેટિંગ કરતા શરૂઆતી ઓવરમાં વધુ રન બનાવવા પડશે. તે રીતે બોલિંગની શરૂઆતમાં નવા બોલથી વિકેટ લેવી પડશે, જેથી વિરોધી ટીમ સેટ ન થઈ શકે.

ભારતનો સ્ટાર અને વિસ્ફોટક બેટર સૂર્યકુમાર યાદવ ટીમ માટે આગામી ટી૨૦ વિશ્વકપમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. સૂર્યાનું બેટ ટી૨૦ ક્રિકેટમાં ખુબ ધમાલ મચાવે છે. તેની સાથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં લાંબા સમય બાદ વાપસી કરી રહેલ રિષભ પંત પણ તોફાન મચાવી શકે છે. મિડલ ઓર્ડરમાં આ લેફ્ટ-રાઈટ કોમ્બિનેશન ભારત માટે મહત્વનું યોગદાન આપી શકે છે.

કોહલી જો રોહિતની સાથે ઈનિંગની શરૂઆત કરે છે તો મધ્ય ક્રમમાં વધારાના એક બેટરને રમાડી શકાય છે. તેવામાં શિવમ દુબેને જગ્યા મળી શકે છે, જેણે આઈપીએલમાં ૧૬૨.૨૯ની સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા છે. દુબે બોલિંગ પણ કરી શકે છે.

સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ બોલિંગ આક્રમણની આગેવાની કરશે, જેમાં ડાબા હાથના ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા સહિત ચાર સ્પિનરોને જગ્યા મળી છે. કુલદીપ યાદવ અને યુઝવેન્દ્ર ચહલ રિસ્ટ સ્પિનર છે. બુમરાહની સાથે સ્પિનર્સ પર ઘણો દારોમદાર હશે.

## ધોરણ ૧૨ સાયન્સમાં ૭,૯૯૯ પાસ વિદ્યાર્થીઓ ફરી પરીક્ષા આપશે



ગાંધીનગર,તા.૨૫

ધોરણ ૧૨ સાયન્સમાં પાસ વિદ્યાર્થીઓ પણ પૂરક પરીક્ષા આપશે. તેમાં ધોરણ ૧૨ પાસના ૮ હજાર વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપશે. તેમાં ફરીથી ઊંચુ પરિણામ મેળવવા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપશે.

જૂનમાં યોજાનાર પૂરક પરીક્ષા માટે સાયન્સમાં ૩૪ હજારથી વધુ વિદ્યાર્થી નોંધાયા છે. જેમાં ફરીથી ઊંચુ પરિણામ મેળવવા માટે આ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યું છે. પૂરક પરીક્ષા માટે ૧૪ મેથી ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જૂનમાં યોજાનાર પૂરક પરીક્ષા માટે ધોરણ.૧૨ સાન્સમાં ૩૪ હજાર કરતાં વધુ વિદ્યાર્થી નોંધાયા છે. જેમાં ૮ હજાર જેટલા એવા વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યુ છે, જેઓ બોર્ડની પરીક્ષામાં પાસ થયેલા છે. પરંતુ ફરીથી ઊંચુ પરિણામ મેળવવા માટે આ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યું છે.ધોરણ-૧૨ સાયન્સમાં ગમે તેટલા વિષયમાં નાપાસ થયા હોય અથવા તો પરીક્ષામાં ગેરહાજર રહ્યા હોય તે વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપી શકે તેવો નિર્ણય લીધો હતો. અત્યાર સુધી સાયન્સમાં ૩ વિષયમાં જ નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવામાં આવતી હતી. ધોરણ-૧૨ સાયન્સની પૂરક પરીક્ષા માટે એક કે તેના કરતા વધુ વિષયમાં નાપાસ થયેલા અને ગેરહાજર રહેલા ૨૬,૮૨૮ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જ્યારે જે વિદ્યાર્થીઓ પાસ થયા છે, પરંતુ તેમને પરિણામ સુધારવું છે તેવા પણ ૭,૯૯૯ વિદ્યાર્થીઓ નોંધાયા હોવાનું જાણવા મળે છે.

પૂરક પરીક્ષા માટે ૧૪ મેથી ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં સૌપ્રથમ ૨૧ મે સુધી વિદ્યાર્થીઓ ફોર્મ ભરી શકે તેવી વ્યવસ્થા કરાઈ હતી. જોકે, ત્યારબાદ ફોર્મ ભરવાની મુદ્દતમાં એક દિવસનો વધારો કરાયો હતો અને ૨૨ મે સુધી ફોર્મ ભરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી

## ચોટીલામાં સિક્યુરિટી ગાર્ડ સાથે માથાકૂટ થતાં કિન્નરોએ હાઈ વે જામ કર્યો

ચોટીલા,તા.૨૫

ચોટીલા ચામુંડા તળેટી પંથકમાં ભિક્ષાવૃત્તિ કરતા કિન્નરો અને સિક્યુરિટી ગાર્ડ વચ્ચે માથાકૂટ થતા કિન્નરો હાઈવે રોડ ઉપર રસ્તારોકો કરતા પોલીસ દોડી આવી હતી અને મામલો પોલીસ મથકે પહોચ્યો હતો.

સમગ્ર મામલે કિન્નર અગ્રણી પરી દે એ રજૂઆત કરતા જણાવ્યું હતું કે તેઓ વર્ષો થઈ ચામુંડા મંદિરે ભીક્ષાવૃતિ કરી છે ગુજરાન ચલાવે છે આ સમયે સિક્યુરિટી ગાર્ડ ડંડા ધોકા મારી ગાળો આપી ભગાડે છે. તેઓ કોઈને હેરાન કરતાં નથી ભીક્ષા જ માંગે છે તેમને જલીલ કરી બહાર કાઢી મુક્તા હોવાનું તેમજ ગાર્ડ પૈસાની માંગ કરતા હોવાનો આક્ષેપ કરી તેમને ન્યાય આપવાની માંગ કરેલ છે.બુધ્ધ પૂર્ણીમાનાં દિવસે ગાર્ડ માથાકૂટ થતા ૧૦ થી વધુ કિન્નરો હાઈવે રોડ ઉપર પહોચી ગયા હતા અને રસ્તા રોકો રોષ વ્યક્ત કરતા પોલીસ દોડી આવેલ હતી અને સમજાવી થોડા સમયમાં વાહાન વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો અને તમામની આ મામલે અરજી લઈ મામલો હાલ પુરતો થાળે પાડ્યો હતો.

## વડોદરામાં કમાટી બાગ અને પોલો ગ્રાઉન્ડ આસપાસના ૫૦ થી વધુ દબાણો હટાવાયા

વડોદરાના રાજ મહેલ રોડ પરના પોલો ગ્રાઉન્ડ આસપાસથી ખાણી પીણીના ખુમચા અને લારીઓ સહિત બાર જેટલા ગેરકાયદે દબાણ કરનારાઓને પાલિકા તંત્ર દ્વારા ખસેડવામાં આવ્યા હતા. ઉપરાંત કમાટીબાગના મેઈન રોડ પર થતા દબાણ રોકવા પેટ્રોલિંગ કરાયું હતું. રાજમહેલ રોડ પર આવેલા પોલો ગ્રાઉન્ડમાં વિવિધ રમતો રમવા માટે જુવાનીયાઓ આવે છે અને વિસ્તારમાં કેટલાક લોકો મોર્નિંગ માટે પણ સવારે નીકળતા હોય છે. જેથી આવા લોકોને ખાણીપીણીની વ્યવસ્થા પૂરી પાડવા માટે કેટલાક ખૂમચાવાળા અને લારીઓવાળા ગેરકાયદે દબાણો કરી કરતા હોય છે. આવા ૧૦-૧૨ ખુમચાવાળા અને લારીઓ વાળાને પાલિકાની દબાણ શાખાની ટીમે ખસેડ્યા હતા.જયારે કમાટી બાગમાં સહેલાણીઓ મુલાકાત લેતા હોય છે. જેથી ખાણી પીણીના ખુમચાવાળા અને રમકડાવાળા ગેરકાયદે અડીગો જમાવી દેતા હોય છે. આવા દબાણ કરનારાઓને રોકવાના ઈરાદે ફતેગંજ-કમાટીબાગ મેઈન રોડ પર પણ પાલિકા દબાણશાખાની ટીમે પેટ્રોલિંગ કર્યું હતું. જેથી દબાણ કરનારાઓને વીલા મોઢે પરત ફરવું પડ્યું હતું.

# આજે આઈપીએલ ૨૦૨૪ નો કેકેઆર અને એસઆરએચ વચ્ચે ફાઈનલ મુકાબલો

ચેન્નઈ,

ચેન્નાઈના એમ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાયેલી આઈપીએલ ૨૦૨૪ ની બીજી ક્વોલિફાયર મેચમાં હૈદરાબાદે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૧૭૫ રન બનાવ્યા હતા. જવાબમાં રાજસ્થાનની ટીમ આ લક્ષ્યાંક હાંસલ કરી શકી નહોતી. આ સાથે સનરાઈઝર્સ હૈદરાબાદે ત્રીજી વખત આઈપીએલ ફાઈનલમાં જગ્યા બનાવી છે અને હવે આ ટીમની ફાઈનલ મેચ (આજે) ૨૬ મેના રોજ કોલકાતા નાઈટ રાઈડર્સ સામે થશે.

શ્રેયસ ઐયરની કેપ્ટનશીપવાળી કોલકાતા નાઈટ રાઈડર્સ અને પેટ કમિન્સની આગેવાની હેઠળની સનરાઈઝર્સ હૈદરાબાદ આઈપીએલની ફાઈનલમાં સામસામે છે. ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રવિવારે (૨૬ મે)ના રોજ રમાનારી આ શાનદાર મેચ માટે બંને ટીમો કમર કસી રહી છે. કોલકાતાની ટીમે પ્રથમ ક્વોલિફાયર જીતીને ટાઈટલ મેચમાં પ્રવેશ કર્યો હતો, જ્યારે હૈદરાબાદે બીજા ક્વોલિફાયરમાં રાજસ્થાનને હરાવીને ફાઈનલની ટિકિટ મેળવી હતી. આ મેચમાં પિચની ભૂમિકા મહત્વની રહેવાની છે. ચાલો જાણીએ કે પીચ બેટ્સમેનને મદદ કરશે કે બોલરોને તે જોવું મહત્વનું રહેશે.

એમએ ચિદમ્બરમ સ્ટેડિયમની પિચ પરંપરાગત રીતે બોલરોને, ખાસ કરીને સ્પિનરોની તરફેણમાં રહે છે. આ સ્પિન ફ્રેન્ડલી વિકેટ પર બેટ્સમેનો માટે મુશ્કેલ બની રહી છે. જો બેટ્સમેનને અહીં મોટી ઈનિંગ્સ રમવી હોય તો તેમણે પહેલા સ્પેશિયલ પ્લાન બનાવવો પડશે. મતલબ કે વધુમાં વધુ સમય ક્રિઝ પર પસાર કરવો પડશે. એકવાર સેટ થઈ ગયા પછી, બેટ્સમેન વિસ્તૃત ઈનિંગ્સ રમી શકે છે. આ પીચ પર હંમેશા બોલરોનો દબદબો રહ્યો છે. અહીં, ટોસ જીત્યા પછી, કેપ્ટન પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેવા માંગે છે. આ સિઝનમાં અહીં ૮ મેચ રમાઈ છે જેમાં બીજી બેટિંગ કરતી ટીમ ૫ મેચમાં વિજયી રહી છે. કોલકાતા વિરુદ્ધ સનરાઈઝર્સ હૈદરાબાદ ફાઈનલમાં પણ પિચની ભૂમિકા મહત્વની રહેશે.

ચેન્નાઈમાં આઈપીએલની ૮૪ મેચ રમાઈ છેઃ ચેપોકમાં અત્યાર સુધીમાં ૮૪ આઈપીએલ મેચ રમાઈ છે. પ્રથમ બેટિંગ કરનારી ટીમ અહીં ફાયદામાં રહી છે. તેણે ૪૯ મેચ જીતી છે જયારે ટાર્ગેટનો પીછો કરતી ટીમોએ ૩૫ મેચ જીતી છે. ચેન્નાઈનો પ્રથમ દાવમાં સરેરાશ સ્કોર ૧૬૪ રનનો રહ્યો છે. ચેપોકના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાયેલી બીજી ક્વોલિફાયર મેચમાં રાજસ્થાનની ટીમ ૧૭૬ રનનો લક્ષ્યાંક હાંસલ કરી શકી નહોતી. પ્રથમ બેટિંગ કરતા હૈદરાબાદે ૧૭૫ રન બનાવ્યા હતા. રાજસ્થાનના બેટ્સમેનો માટે બીજા દાવમાં રન બનાવવા મુશ્કેલ હતા. હૈદરાબાદના બે સ્પિનરોએ રાજસ્થાનનું કામ પૂરું કર્યું હતું. બીજી ઈનિંગ્સમાં આ વિકેટ ધીમી પડી જાય છે. આવી સ્થિતિમાં સ્પિનરોની ભૂમિકા મહત્વપૂર્ણ બની જાય છે.

## મુનાવર ફારુકીની તબિયત ફરી એક વાર બગડી, હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

સ્ટેન્ડઅપ કોમેડિયન અને બિગ બોસ ૧૭ ના વિજેતા મુનાવર ફારૂકી ની તબિયત ફરી એક વાર બગડી છે, તેમને ૨૪ મેના રોજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મુનવ્વરના નજીકના મિત્રોમાંથી એક નીતિન મેંઘાણીએ ઈન્સ્ટાગ્રામ પર એક તસવીર શેર કરી છે. તસવીરમાં સ્ટેન્ડઅપ કોમેડિયન હોસ્પિટલના બેડ પર બેભાન પડેલો જોવા મળે છે. મુનવ્વરને હોસ્પિટલમાં જોઈને તેના ચાહકોમાં ખળભળાટ મચી ગયો છે.

ઈન્સ્ટાગ્રામ પર નીતિન મેંઘાણીએ શેર કરેલી તસવીરમાં મુનાવર ફારૂકી હાથમાં આઈવી ડ્રિપ સાથે જોવા મળે છે. તસવીર શેર કરતી વખતે મુનવ્વરના મિત્રએ લખ્યું હું મારા ભાઈના ઝડપથી સ્વસ્થ થવાની મારી પૂરી શક્તિથી કામના કરું છું. તેને હોસ્પિટલમાં જોયા બાદ તેના ચાહકોમાં ખળભળાટ મચી ગયો છે. મુનવ્વર સાથે શું થયું તે જાણવા ચાહકો ચિંતિત છે. આ પહેલીવાર નથી જ્યારે સ્ટેન્ડઅપ કોમેડિયન હોસ્પિટલ પહોંચ્યો હોય.

ગયા મહિને પણ તેમની તબિયત બગડી હતી, ત્યારબાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તે સમયે તેને પોતાનોૌંફ ડ્રિપ ધરાવતો ફોટો પણ શેર કર્યો હતો. તે સમયે તેની તબિયતની સમસ્યાઓ વિશે વાત કરતી વખતે મુનવ્વરે કહ્યું હતું કે તે ખરાબ નજરથી પ્રભાવિત છે. થોડા દિવસો પછી, તેમની તબિયત અપડેટ કરતી વખતે, તેને કહ્યું કે તે હવે ઠીક છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

**એન.ઓ.જી સાહિત્ય સરિતા ગ્રુપના સાહેલગાહ વિષય મા આજે મીનાક્ષી ત્રિવેદી,પ્રવિણા કડકિયા, ભરત સાંગાણી, લતાબેન ચૌહાણ,પ્રીતિ શાહ,પલ્લવી જોષી ની રચનાઓ.....**




**N O G S S NO 163**
વિષય:મારી સહેલગાહ
શીર્ષક:માનસરોવર યાત્રા
પ્રકાર:પદ્ય રચના શબ્દ:૨૩૫
લેખક:શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી 'મૌની'

★માનસરોવર યાત્રા★

બચપણમાં જ્યારે મંદિર જતાં!
ત્યારે 'બા' કહેતી,
'આંખો કર બંધ અને દર્શન કર'.

હવે બંધ કરૂં જો આંખો તો!
દેખાય પ્રભુ કેવી રીતે!
અસમંજસમાં હું..

મોટી થઈ પછી આવી સમજણ!
આત્મા અને પરમાત્માની..
આયખું પૂરૂં થવાને આરે!
કણ કણમાં જોતી શિવને..

વાત જાણે એમ બની,
શિવ ભક્ત અમે! ઈચ્છા અમારી..
પતિ-પત્ની અમે બંને એ,
જવાબદારીઓ પૂર્ણ થતાં
નિર્ધાર કર્યો માનસરોવર યાત્રાનો,
અને,ફળીભૂત થઈ ઈચ્છા..

ગૃપ સરસ મળી ગયું,
વડોદરાથી દિલ્હી ..દિલ્હી થી નેપાલ..
નેપાલથી પહોંચ્યા ચાઈના બોર્ડર,
ક્રોસ કરી હાશકારો લીધો..
બાય રોડ પછી તો માનસરોવર,
પહોંચ્યા છઠ્ઠે દિવસે..
મનમાં અગમ્ય ઉત્સાહ,
બરફ જેવા જળમાં સ્નાન કરીને,
મન મૂકી ગરબા ગાયા..
આગળ યમદ્વારથી નીકળી,
ચાલતાં સફર આગળ વધી..
'કૈલાસ'ની પરિક્રમા કરતાં છેલ્લે,
ચાર યુગલ અમે આગળ નીકળ્યા..
ઉપર આભ નીચે ખાઈ,
મુખમાંથી નીકળે ★?નમ:શિવાય★

આવી અચાનક હેલી બરફની,
?કાર સ્વરુપે દેખાતી..
ચારે યુગલ અમે એકબીજાને
સધિયારો આપીએ પકડી હાથ..

મૃત્યુ દેખાય સામે,છતાંયે
?કારા જોતાં હિંમત મળતી..
લાગે જાણે શિવ છે સાથે..

ત્રીજા દિવસે થઈ પૂરી પરિક્રમા,
જેટલા અમે ઉચકી શક્યા,
કૈલાસના પથ્થર બરફના!
પ્રસાદ સ્વરુપ લીધા હાથમા:

થરથર કાંપે શરીર તો પણ,
હિંમત ગજબની મળી કુદરતી..
કેમ્પ ઉપર પહોંચ્યા ત્યારે સૌ
રાહ જોતાં અમારી..

પ્રસાદી સ્વરુપ પથ્થરજોતાં,
?કાર બધાએ જોયાં તેમાં..
ગળગળા થઈ માથે ચઢાવી,
છાતી સરસા એ ચાંપતા..
જીવનમાં કદી ભુલાય નહીં,
મારી સહેલગાહ..
યાદગાર ક્ષણો જીવનની,
માનસરોવર યાત્રાની..

શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી,
'મૌની'વડોદરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSN 0089**
વિષય મારી સહેલગાહ
શીર્ષક. વાઈકિંગ. પ્રકાર :ગદ્ય
—
બે દિવસ થયા ''વાઈકિંગ રિવર કરુઝ'' પરથી પાછી ફરી. યુરોપના સ્વિટ્ઝર્લેન્ડ , જરમની , ફ્રાંસ અને નેધરલેંડ ફરવા ગઈ હતી.

ખૂબ મજા આવી, સહેલગાહનાં સાથીઓ પણ ખુલ્લા દિલના મજાનાં હતા.મારી સહેલી સાથે છેલ્લા ૧૫ વર્ષથી મજા માણુ છું. બીજુ એક મિત્ર સુગલ પણ હતું .

કુદરતી સૌંદર્ય મન ભરીને માણ્યું. રોજનું પાંચ માઈલ રમતા રમતા ચાલતા. ચીઝ બનાવવાની ફેકટરી જોઈ, રાતના '' ચીઝ ફોનડુનું'' ડીનર ખાઈ દિલ ખુશ થઈ ગયું.
'' લિંટ'' ચોકલેટ બંને છે તે ફેકટરી જોઈ. એ ધ ધ ધ થઈ જાય તેટલી જાત હતી.
એમસટરડેમનું ટયુલિપ ફેસટીવલ જોયું . પવન ચક્કીની નગરી જોઈ. પવનચક્કીની અંદર માણસો રહીને તેને ફેરવતા . એ જમાનામાં લાઈટ પણ ન હતી.
રિવર કૃઝમાં રોજ સવારે મસ્ત નાસ્તો કરી ફરવા વિકળતા. યુરોપના દેશ નાના અને નજદીક હોવાને કારણે બસ બધે જતી નહી. પદયાત્રા કર્યા વગર છૂટકો ન હતો.

ખરેખર યાદગાર સહેલગાહ હતી. ટયુલિપ ફેસટીવલ તો ફુલોની નગરીમાં ભૂલ્યા પડ્યા હોય તેવી લાગી.

અનુકૂળતા હોય તો જરુર જજો. ઘણા મિત્રો બનાવયા. પગ અને પીઠ દુખે લાવે યોગના આસન પણ બતાવ્યા.
પ્રવિણા કડકિઆ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO. 0101***
★વિષય : મારી સહેલગાહ★
★શીર્ષક:★પોન્ડેચેરી★
પ્રકાર : ગદ્ય. શબ્દ: ૩૪૯

મને પ્રવાસનો ખૂબ જ શોખ.
હું અને મારા પત્ની પોન્ડેચેરી ( પુડુચેરી) ના પ્રવાસે ગયાં હતાં.
દરિયો...
આમ તો પશ્ચિમી સમુદ્ર પટ ગોવાથી ગુજરાત સુધી સૂર્યાસ્ત માણ્યા છે. તો સમુદ્રકિનારે સૂર્યોદયનો લ્હાવો કેમ ન માણીયે!!
ચાલો પોન્ડેચેરી...
આમ આવ્યા ઈડલી- સાંભાર અને ફ્રેન્ચ વારસો હજી સુધી જાળવતી ભૂમિ તરફ!
આ એક શાંત પણ મોહક એવું નાનું શહેર છે. અહીં આવો આત્માને સંતોષ આપવા.
અહીંનો સૌથી પ્રચલિત સમુદ્ર કિનારાઓમાં પેરેડાઈઝ બીચ સૌથી મોખરે આવે છે.
બીજા નંબરે સેરેનિટી બીચ. જે પોન્ડેચેરીથી ૧૦ કિ. ઓરોવિલ તરફ છે. અહીંથી સૂર્યોદય જોવાનો અલગ જ લ્હાવો છે, સુંદર સ્વચ્છ પાણીની અપાર જલરાશીનો રળિયામણો સમુદ્ર, એનો ઘૂઘવતો અવાઝ આપણા આત્મા સાથે વાર્તાલાપ કરતો હોય એવો અંતરનાદ ઉઠે.
એનું પાણી તમને બાથ ભરવા ઉત્સાહમાં ફલાંગ ભરતું કિનારે દોડી આવશે. તેનાં ઉછળતાં મોજાં આપણાં હ્રદયના ધબકારા સાથે રમત રમે. આપણી અંદર પણ એક દરિયો છે - ભાવનાઓનો દરિયો. તેથી જ દરિયા સાથે આટલી આત્મીયતા અનુભવાય છે.
દરિયો હોઈ ત્યાં લાઈટ હાઉસ ન હોઈ એવું તો ના જ બને!
લાઈટ હાઉસની ટોચ પરથી દરિયાનો નજારો સોહામણો છે. ફિરોઝી વાદળી રંગની એ ઉછળકુદ પર ક્યાંક ચમકતા સોનેરી સૂરજના કિરણો આલ્હાદક રોમાંચ કરાવે છે. દૂર દૂર મંકોડા જેવી દેખાતી હોડીઓ!!
અહીં એક સુંદર બોટોનિકલ ગાર્ડન અને ત્રણ- ચાર ભવ્ય ચર્ચ છે.
અહીંનું ગણપતિ મંદિર **( Shri Manakula vinayagar Temple )** ઘણું કલાત્મક છે.
હવે વધીએ ધ્યાન,ચિંતન તરફ.
જેમાં પહેલું સ્થળ છે અરવિંદ આશ્રમ. નાનો હોવા છતાં ઠેરઠેર રંગીન ફુલો અને વૃક્ષોને કારણે બહારની દુનિયાથી અલિપ્ત છે. અહીં શ્રીઅરવિંદની સમાધિ છે
અહીં બીજું ધ્યાન સ્થળ માતૃ મંદિર - ઓરોવિલ- ફ્રેન્ચ ભાષામાં ઓરોનો અર્થ 'પ્રભાત' અને વિલ એટલે 'નગર' થાય છે. તેથી તે " ક્ષૈંઅ ઓફ ર્ઙ્ઘુહ" તરીકે પણ ઓળખાય છે.
પોન્ડેચેરીમાં રહેતાં લોકો ઘણાં સરળ અને શાંતિપ્રિય છે. અહીં ઘણાં ને ફક્ત તામિલ અને અંગ્રેજી આવડતું હોવાથી વાત સમજવામાં સમજાવવામાં મુશ્કેલી થાય.
આ સ્થળ એકલાં આવનાર ટુરિસ્ટ કે મહિલા ટ્રાવેલર માટે પણ ઘણું સુરક્ષિત છે.
દરિયો તો બધે છે પણ અહીં આવો આધ્યાત્મિક ચેતનાની શોધમાં .
અરવ પગલે ફ્રેન્ચ ગલીઓમાં સેર સપાટો મારવા. કોઈ કેફેમાં ચોકલેટ ક્રોસન્ટનો આસ્વાદ ફિલ્ટર કોફીની ચૂસકીઓ સાથે માણવા.
સૂર્યોદયના સમુદ્રને નિરખવા...
પશ્ચિમી વાલુકાને આલિંગન આપી સૂર્યદેવ અહીં પૂર્વીય શંખ-છીપલાને ભેટવા આવી પહોંચે છે. તે ઉછળતા મોજાંમાં નિહાળવાનો લ્હાવો અનેરો છે.

★લેખક:ભરત સાંગાણી★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG SS NO 140**
વિષય: મારી સહેલગાહ
શીર્ષક: ચાલ જીવી લઈએ
પ્રકાર: પદ્ય અછાંદસ
શબ્દો:૬૭

હતો પ્રિયતમના હાથમાં હાથ,
કઠીન ડગર પણ સુહાની હતી.

દ્વારિકા થી જગન્નાથ પુરી
રામેશ્વર થી કેદારનાથ સુધી.

સુંદર મન ને પ્રેમભર્યું જીવન ઘુમી વળ્યાં ભારતવર્ષ.

હવે એકલપંથ એકલ પ્રવાસી,
કઠીન ડગર મુશ્કેલ સફર.

શામળો મારો હાથ સાહે તો પહોંચું મંઝીલ સુધી.

કૃષ્ણ કહે કાનમાં પ્રિયાને "હું છું ને!"
સુંદર પ્રભાતે હવેલીએ ચોઘડિયાં વાગ્યાં.
મન આનંદ મંગલ કરે
"ચાલ જીવી લઈએ
ચાલ જીવી લઈએ".

હેમા ત્રિવેદી...કૃષ્ણ પ્રિયા..

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 224**
વિષય :- સહેલગાહ
શીર્ષક :- 'અમારો આહલાદક પ્રવાસ'
પ્રકાર :- ગદ્ય - શબ્દ :- ૩૪૯

પ્રવાસનું માનવીના જીવનમાં એક અનોખું સ્થાન છે. મારી સહેલગાહનું વર્ણન આલેખતા આનંદ અનુભવું છું.

ધો.૧૨માં અભ્યાસ વખતે સ્કૂલમાંથી પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. તા.૨૭.૮.૧૯૮૮ શનિવારના પરોઢિયે ૦૫.૨૨ મિનિટે ભવ્ય પ્રવાસનો શુભારંભ થયો. જેમાં કાયાવરોહણ, સાપુતારા, નાસિક, ત્રંબકેશ્વર, અજંતા ઈલોરાની ગુફાઓ, દોલતાબાદનો કિલ્લો, ઔરંગાબાદ, જલગાંવ, પંઢરપુર, મહાબળેશ્વર, લોનાવાલા, ખંડાલા, પુના અને મુંબઈ વગેરેનો સમાવેશ થયેલ.

તા.૦૩.૯.૧૯૮૮ શનિવારે વ્હેલી સવારે ૨.૩૦ મિનિટે મહાબળેશ્વર પહોંચેલ. અહીં ભગવાને ખોબે ખોબાં ભરીને અદ્ભૂત, માણવાલાયક કુદરતી સૌંદર્ય અર્પ્યું છે. સવારની ગુલાબી ઠંડીમાં મન પ્રફુલિત. હવા ખાવાનું રમણીય અને
આભાર - નિહારીકા રવિયા પ્રાકૃતિક સ્થળ છે, જે જિંદગીભર યાદ રહેશે. અહીં એલ્ફિસ્ટોન પોઈન્ટ, ટાઈગર પોઈન્ટ, ઓર્થરશીટ પોઈન્ટ, ટેમ્પલ પોઈન્ટ નિહાળેલા.

અહીં એક બાજુ ખીણમાં એકદમ ધુમ્મસ, જ્યારે બીજી બાજુ એકદમ ચોખ્ખી ખીણ, ગાઢ અને ગીચ જંગલોની લીલોતરી ઝાડી, વહેતું ઝરણું; ખૂબ સુંદર દ્રશ્ય. મોટાભાગના ઝાડ પર ખાસ્સી એવી લીલ, ભૂમિનો પોપડો ઉખડી ગયો હોઈ ખાસ્સી એવી તિરાડ પડેલી. માટી એકદમ ચીકણી તેમજ પોચી હતી.

ઓર્થરશીટ પોઈન્ટ જમીનથી દશ હજાર ફૂટથી પણ વધુ ઊંચો આવેલ છે. આ પોઈન્ટનું નામ માણસના નામ પરથી પાડવામાં આવ્યું છે. તેને 'નેમ ઓફ ધ મેન' પણ કહે છે. આ પોઈન્ટના ત્રણ ભાગ પડે છે એક ટાઈગર, બે મન્કી, અને ત્રણ ઓર્થરશીટ. અહીં ભૂમિને ઢાંકી દે તેવી વનસ્પતિ છવાયેલી છે. આ પોઈન્ટ પર ટી.બી.ના દર્દીને લઈ જવામાં આવે તો તેનો ટી.બી. પણ દૂર થઈ શકે છે તેવી લોકવાયકા છે. અહીંથી ઓક્ટોબર માસમાં રૂપિયાનો કે કોઈ પણ સિક્કો નીચે ફેંકતા તે પાછો ઉપર આવે છે તેમ કહેવાય છે. અહીંનું વાતાવરણ ખરેખર ખુશનુમા અને ખૂબ જ મનોહર લાગ્યું. અહીં આગલા દિવસે જ એક કપલ આ પોઈન્ટ પરથી નીચે ખીણમાં પડી ગયેલ.

અહીંથી પાછા ફરતા મારી બીમાર સહાધ્યાયીનું ચપ્પલ જમીનમાં ફસાઈ ગયેલ. એનું ચપ્પલ લેવા જતા ભીની, પોચી, ચીકણી જમીનમાં મારો પગ લપસ્યો; હું ૧૫-૧૭ ફૂટ જેટલું લપસી. થોડુંક રેલિંગ અને તરત ઊંડી ખીણ. હું નીચે ખીણમાં ગરકાવ થઈ ગઈ હોત. ટીચર્સે રીતસર મને ખખડાવી દીધી, અલબત્ત આંખમાં આંસુ સાથે. આ રીતે અહીં 'મજાની સાથે થોડો સજો પણ પરો.'

જો એ દિવસે ઓર્થરશીટ પોઈન્ટ પરથી ગબડીને ખીણમાં પડવાનું થયેલ હોત તો શું થયું હોત તેની કલ્પના કરવી અસંભવ છે.

પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 169**
વિષય - મારી સહેલગાહ
શીર્ષક - અનેરો આનંદ
પ્રકાર - ગદ્ય
શબ્દો -૩૫૦

અવર્ણનીય એ સાત દિવસો હતાં. હવાઈ મુસાફરીનો આનંદ અને તે પણ જીવનમાં પહેલી જ વખત પછી તો આનંદનો પાર ન જ હોય ને?

અમે આંદામાન નિકોબારના પ્રવાસે ગયેલા, અમદાવાદથી કલકત્તા અને ત્યાંથી પોર્ટબ્લેર બાય પ્લેન પહોંચ્યા હતાં. ખૂબ મજા આવી હતી. જેમ જેમ હવાઈ માર્ગે આગળ વધીએ તેમ તેમ વાદળો સાથે વાતો કરવાનું મન થાય અને આજુબાજુનો અવિસ્મરણીય નજારો જોઈને હૈયું ખૂબ હરખાઈ ઉઠ્યું હતું.
આંદામાન નિકોબારનો દરિયાકિનારો, દરરોજ જુદા જુદા બીચ પર ફરવા જવાનુ.
આંદામાન નિકોબારમાં જોયેલ દરેક વસ્તુઓનો આનંદ અનેરો હતો. હું, મારા હમસફર અને મારી દીકરી એમ અમે ત્રણ જણ એલ ટી સી પેકેજમાં આંદામાન નિકોબાર ગયેલા.દરરોજ જુદા જુદા બીચ પર ફરવા જવાનું.
ત્યાંની સ્વચ્છતા ઉડીને આંખે વળગે તેવી, પ્લાસ્ટિકનું તો નામોનિશાન નહિ.
અગાધ ઊંડા કાળા પાણી, દૂર દૂર જતા આવતા ખૂબ ઉંચા જાણે આભને આંબતા મોજા આપણે તો જોતાજ રહીયે.
નયનરમ્ય નજારો જોયો અને મન ભરીને માણ્યો. અમે દરિયાકિનારો ને
દરિયાઈ સૃષ્ટિની મજા માણેલ.
આંદામાન નિકોબારનો દરિયાકિનારો તેમજ પોર્ટબ્લેરની સેલ્યૂલર જેલમાં કાળાપાણીની સજા ભોગવનાર અને આઝાદી મેળવવામાં આપેલું આપણા સ્વાતંત્ર સેનાનીઓનું યોગદાન ક્યારેય ભુલાશે નહિ.
સેલ્યુલર જેલ નો લાઈટ એન્ડ સાઉન્ડ શો આંખો આગળ ભજવાતું ચલચિત્ર હોય એવો અહેસાસ થયેલો. આપણા સ્વાતંત્રસેનાનીઓને અંગેજો દ્વારા આપવામાં આવતી પીડાઓનું દ્રશ્ય જોઈને આંખો ભીની થઈ હતી. અમે બીજા દિવસે "રોઝ બે અને નોર્થ બે" ટાપુની દરિયાઈ સફર કરેલી.
ત્રીજા દિવસે અમે "હેવલોક -રાધનગર બીચ" જોવા ગયેલા.
"વંડુર જોલીબોય અને મહાત્મા ગાંધી નેશનલ પાર્ક "અમે ચોથા દિવસે ફર્યા.
પાંચમા દિવસે "બારાટાંગ અને લાઈમ કેવ્સ" બાદમાં છઠ્ઠા દિવસે અમે " ચાથમ, ચીડિયાટાપુ અને સ્થાનિક પોઈન્ટની મજા માણી હતી.
અમોએ સાતમા દિવસે પોર્ટબ્લેરમાં મન ભરીને ખરીદી કરી હતી.
આ યાદગાર પ્રવાસમાં દરિયાઈ રમતોમાં મારી દીકરીએ સ્કૂલબા ડાઈવિંગ કરેલ હતું.
"વોટર વોકવે અને સ્નોર કેલિંગમાં" ખૂબ મજા આવેલી. "બનાના બોટમાં" પણ મજા માણી હતી. અને હા! હેવલોક બીચ પર ગયા ત્યારે ક્રૂઝમાં પણ ખૂબ આનંદ આવેલો. ક્રૂઝમાં અમે "તેરે નામ" ફિલ્મની ઝલક જોઈ હતી. આખે આખ્ખું ક્રુઝ ફરી ફરીને અમે જોયેલું અને એ વિશાળ ઊંચે ઉછળતા મોજા મન ભરીને જોયા હતા.
સાચું કહું! એ સાત દિવસનો પ્રવાસ ખરેખર અવર્ણનીય પ્રવાસ હતો. અમે ત્રણ તેમજ અમદાવાદના દિનેશભાઈ, જ્યોત્સનાબેન અને તેમનો દીકરો તેમજ બરોડાના અલ્કેશભાઈ, કલ્પનાબેન અને તેમનો દીકરો આમ અમે બધાએ એ સાત દિવસ સાથે રહી ખૂબ મજા કરી.આ સહેલગાહ અમારી ખૂબ યાદગાર રહી.

લતાબેન ચૌહાણ "સોનાવેલ" (ગોધરા )

**NOGSS NO 149**
વિષય મારી સહેલગાહ
શીર્ષક જિંદગીની યાદગાર પળો
પ્રકાર ગદ્ય ,શબ્દો ૩૩૦

અત્યાર સુધીની જીવની યાત્રામાં બે વાર કેનેડાની સફર કરી આવી. વિદેશમાં મજા આવી રહેવાની, વાતાવરણ ખુબ જ સુંદર હોય. હમણાં ગયા ત્યારે તો ઠંડીને બરફ ખૂબ જ હતો! પણ સૌથી પહેલી વાર એપ્રિલ મહિનામાં ૨૦૧૭ માં ગયા હતા ત્યારે તો ત્યાં રહેવાની અને ફરવા ફરવાની ખૂબ જ મજા આવી હતી. મારા જીવનની એ સૌથી સારી ની યાદગાર સહેલગાહ હતી.
ત્યાં તો નિસર્ગે એવી સુંદર રચના કરી છે, ઘડીકમાં બરફ પડે ને ઘડીકમાં વરસાદ, વાતાવરણ એકદમ ખુશનુમા બની જાય. દરિયા કિનારે સાંજ પડે જઈએ ફરવા મોટા મોટા મોલમાં ખરીદી કરવાની ફરવા ગયા હતા, ખેતરમાં પિક્ચર જોવા ગયા હતા, નજીકમાં જ બે મોલ હતા ત્યાં અમે ચાલતા ખરીદી કરવાને ફરવા જતા. નજીકમાં જ એક ભારત માતાનું બહુ મોટું મંદિર હતું ત્યાં બધા જ ભગવાન હતા, અમે રોજ દર્શન કરવા જતા હતા.
મારો દીકરો ઘરે આવે નોકરી પરથી એટલે અમે ફરવા નીકળીએ વરસાદને બરફ ના હોય ત્યારે. નાયગ્રાફોલ,ઓટાવા, સી એન ટાવર, મ્યુઝિયમ, દરિયા કિનારે, ખૂબ જ મજા આવી હતી. એ સમયે બધી જગ્યાએ ફોટો લીધા હતા એ આજે પણ છે મારી પાસે, એ મારા જીવનનું યાદગાર સંભારણુ છે, એમાં અમારા દીકરા સાથે વિતાવેલા સમયની યાદો વણાયેલી છે.
ઘણીવાર ફોટો જોઈને એની યાદ આવી જાય ત્યારે આંખ ભીની થઈ જાય છે. ખરેખર અમુક સમય જીવનનો ઢળતી સાંજ જેવો, દરિયાની સરકતી રહેતી જેવો હોય છે, જે કદાચ ક્યારેય જીવનમાં પાછો નથી આવતો અને ભૂલી પણ નથી શકાતો.
આ ફેબ્રુઆરીના ગયા ફેબ્રુઆરીમાં અમે અમારી પુત્રવધુ ને મૂકવા ગયા હતા એ સમયે પણ ખૂબ મજા આવી પણ વરસાદની બરફના કારણે બહાર ફરવા જોઈએ એવું ના જઈ શકાય બે ત્રણ વાર ગયા હતા ખૂબ મજા આવી. એ સમયે પણ અમે ચારેય જણે ખૂબ જ મજા કરી.જોતજોતા માં બે મહિના ક્યાં પૂરા થયા ખબર જ ના પડી.
વિદેશથી પાછા આવતી વખતે એરપોર્ટની પેલી બાજુ બાળકો અને આ બાજુ અમે,ભારે હૈયે આંસુ રોકી મેં આવજો કીધું એ દ્રશ્ય આજે પણ આંખો સામે આવેછે તો આંખનાં ખૂણા અશ્રુથી ભીનાં થઈ જાય છે.આ છે મારી જિંદગીની યાદગાર પળો, યાદગાર સહેલગાહ.
પલ્લવી જોષી.સરિતા

# નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ધ્વારા સમર સાયન્સ ટેલેન્ટ વર્કશોપ અને ફિલ્મ ફેસ્ટીવલ યોજાયો



ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલૉજી વિભાગ,ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,ગાંધીનગર દ્વારા દર વેકેશનમાં વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક સમજ વિકસે તથા તેમનું કૌશલ્ય ખીલે તે હેતુથી સાયન્સ ટેલેન્ટ વર્કશોપ નું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ સમર સાયન્સ ટેલેન્ટ વર્કશોપનું આયોજન ૫ મે થી ૧૭ મે સુધી કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓની રસ અને રુચીને ધ્યાનમાં લઈને વિવિધ વર્કશોપ જેવા કે મોડેલ રોકેટરી, એરોમોડેલિંગ - એરોપ્લેન મોડેલ મેકિંગ,રોબોટીક્સ,ડ્રોન મેકિંગ ,સાયન્ટીફીક રમકડા-ટોય મેકિંગ,સાયન્સ મેજીક, ઓરીગામી,બેઝીક ઈલેક્ટ્રોનીક્સ,આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સ,ડેમોસ્ટ્રેશન ઓફ ડ્રોન ટેકનોલોજી જેવા જુદા જુદા વિષય પર તજજ્ઞો ધ્વારા વિદ્યાર્થીઓને પ્રેક્ટીકલ નિદર્શન ધ્વારા રચના,કાર્ય પદ્ધતિ અને સિદ્ધાંતો વિષે સમજ આપવામાં આવી હતી. વર્કશોપમાં ૯૫ જેટલા વિદ્યાર્થી જોડાયા હતા. તેમજ રાત્રે સાયન્સ અને ફીક્શન આધારિત ફિલ્મોનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.જેમાં સ્પેસ અવકાશ ,રોબોટીક્સ,એનિમલ ,ટેક્નોલીજી જેવા જુદા જુદા વિષયો આધારિત ફિલ્મ દેખાડવામાં આવી હતી આ વર્કશોપને સફળ બનાવવા શિવાંગ પટેલ અને હાર્દિક ભટ્ટ ,હાર્દિક મકવાણા ધ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# રેડિયન્ટ સ્કૂલના વિદ્યાર્થીઓની નેશનલ કરાટે ચેમ્પિયનશીપમાં ઝળહળતી સફળતા..



મહર્ષિ દયાનંદ યુનિવર્સિટી રોહતક. હરિયાણા ખાતે ફીટ ઈન્ડિયા સ્કૂલ ગેમ નેશનલ કરાટે ચેમ્પિયનશીપનું -૨૦૨૪ આયોજનનું કરવામાં આવ્યું. જેમાં વાડો કાઇ કરાટે ગાંધીનગરના ખેલાડીઓની ગુજરાતની ટીમમાં રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો, જેમાં પ્રેક્ષા વીરપરીયાએ ફાઇટમાં ગોલ્ડ મેડલ અને કાતામાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો, પૃથવ રાવલે ફાઇટમાં ગોલ્ડ મેડલ અને કાતામાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો, ધ્યાની ભટ્ટે ફાઇટમાં અને કાતામાં બંનેમાં સિલ્વર મેડલ મેળવ્યો, સહજ પટેલે ફાઇટમાં ગોલ્ડ મેડલ અને કાતામાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો તેમજ હાર્દી ભટ્ટે ફાઇટમાં બ્રોન્ઝ મેડલ મેળવી રાષ્ટ્રીય સ્તરે પોતાનું. પરિવારનું, શાળા તથા ગુજરાતનું ગૌરવ વધાર્યું. તેમજ કાઇ કરાટે ફેડરેશન ઓફ ઈન્ડિયાના ટેકનિકલ ડાયરેક્ટર ક્યોશી શ્રી અરવિંદભાઇ રાણા અને કોચ કેતન ચૌધરી તથા રેડિયન્ટ સ્કૂલના પ્રમુખ શ્રી પી.એમ.વામજા સાહેબ અને આચાર્ય શ્રી જે.બી.વાંમજા સાહેબે વિજેતા ખેલાડી બાળકોને તેમની જીત બદલ અભિનંદન પાઠવ્યા અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી .

# અમેરિકન રાષ્ટ્રપતિ પુરસ્કારથી સન્માનિત થયા બાદ જોધપુર પહોંચતા જ આચાર્ય લોકેશજીનું એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.



અહિંસા વિશ્વ ભારતી અને વર્લ્ડ પીસ સેન્ટરના સ્થાપક જૈન આચાર્ય લોકેશજી રાજસ્થાન પહોંચીને વિશ્વ શાંતિ અને સદ્ભાવના પ્રવાસ દરમિયાન યુએસ પ્રેસિડેન્શિયલ એવોર્ડથી સન્માનિત થયા બાદ પ્રથમ વખત જોધપુર એરપોર્ટ પહોંચ્યા, તેમના જન્મ, શિક્ષણ અને દીક્ષાની ભૂમિ, પરંતુ મોટી સંખ્યામાં ઉપસ્થિત વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓએ તેમને પુષ્પહાર પહેરાવીને તેમનું સ્વાગત કર્યું હતું.અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સંસ્થાપક આચાર્ય લોકેશજીએ આ પ્રસંગે ઉપસ્થિત ભક્તોને સંબોધતા જણાવ્યું હતું કે, હું છેલ્લા ૪૦ વર્ષથી માનવતાના કાર્યોને સમર્પિત છું જવાબદારી અને વધુ વધારો થયો છે. જો કે એક સંત આદર અને તિરસ્કારથી પર છે, હકીકતમાં આ સન્માન મારા માટે નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિ, ભગવાન મહાવીરના દર્શન, જૈન સિદ્ધાંતો અને આધ્યાત્મિક મૂલ્યો માટે છે, તેમણે કહ્યું કે, મેં ક્યારેય વિચાર્યું ન હતું કે રાજસ્થાન, પચપદરા, બાડમેર જિલ્લાના એક નાનકડા શહેરમાં, હું જન્મીને અમેરિકન રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત થઈશ.

જોધપુરના પૂર્વ મેયર શ્રી રામેશ્વરજીએ કહ્યું કે આદરણીય આચાર્ય લોકેશજીએ તેમના માનવતાવાદી કાર્યથી વિશ્વમાં ભારત અને રાજસ્થાન રાજ્યને ગૌરવ અપાવ્યું છે. દિલ્હી દ્વઝઇ ગુરુગ્રામમાં તેમના નેતૃત્વમાં બની રહેલા વર્લ્ડ પીસ સેન્ટર પાસેથી સમગ્ર વિશ્વને ઘણી અપેક્ષાઓ છે. આવો આપણે સૌ તેમાં ભાગ લઈએ.જાણીતા કવિ અને સિનેમા કલાકાર શ્રી શૈલેષ લોઢાએ જણાવ્યું હતું કે, આચાર્ય લોકેશજીએ ભારતીય સંસ્કૃતિ અને ભગવાન મહાવીરની ફિલસૂફીને વૈશ્વિક સ્તરે લઈ જવામાં અનોખી સફળતા મેળવી હતી અને અમેરિકન રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત થવું એ આપણા સૌ માટે ગૌરવની વાત છે.આ પ્રસંગે અહિંસા ફાઉન્ડેશનના સ્થાપક શ્રી અનિલ જૈન, જલતેદીપના તંત્રી શ્રી પદમ મહેતા, અશોક દિલીપ અબાણી, ગૌતમ ભણસાલી, સુરેશ ચોપરા, સુરેશ દોસી, જિતેન્દ્ર સેઠિયા, મહેશ ધારીવાલ, રાજેશ જીરાવાલા, સુનીલ ભંડારી, એસ.પી. ચોપરા, સુનિલ દાધીચ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. દાધીચે એક સ્વરે કહ્યું કે આચાર્યશ્રી લોકેશજી શાંતિ અને સદભાવનાના પ્રતિક છે, તેમણે મારવાડની સંસ્કૃતિને દુનિયાના ખૂણે-ખૂણે લઈ જઈને આપણને ગૌરવ અપાવ્યું છે.

## ગુજરાત પ્રદેશના ઇતિહાસમાં પ્રથમવાર અમદાવાદ ખાતે બુદ્ધ પુર્ણિમા નિમિત્તે ઓફિસિયલી બૌદ્ધો દ્વારા ભવ્ય ધમ્મ પદયાત્રા કરવામાં આવી



ગત તારીખ ૨૩ મે ૨૦૨૪ ગુરુવાર ના રોજ ૨૫૬૮ મી મહા પાવન ત્રિગુણી બુદ્ધ પૂર્ણિમા કે જે વૈશ્વિક બૌદ્ધો નો મહાપર્વ હોઈ "મહા ગુજરાત બૌદ્ધ સંઘ" દ્વારા અમદાવાદ શહેર ના સુભાષબ્રિજ થી રિવરફ્રન્ટ પર આવેલ તથાગત બુદ્ધ ની પ્રતિમા સુધી આશરે ૩ કિલોમીટર ની ધમ્મ પદયાત્રા નું આયોજન કરવામાં આવેલ.જેમાં ગુજરાત પ્રદેશના ૮ જિલ્લાઓ ના ઑફિસિયલી બૌદ્ધોએ જેવા કે બૌદ્ધ સમુદાય ના ઉપાસક/ઉપાસિકાઓએ ઉત્સાભેર ભાગ લીધો હતો.આ ધમ્મ પદયાત્રા નું સમાપન તથાગત બુદ્ધ ની પ્રતિમા પાસે કરવામાં આવેલ જ્યા રોડ ઉપર જ બુદ્ધ વંદના કરવામાં આવી હતી.જેની સમગ્ર બૌદ્ધ અનુયાયીઓએ અચૂક નોંધ લેવી.

# ચાણસ્માના મેરવાડા ગામે જીઈબી ની બેદરકારી ના કારણે ખેતર માથી પસાર થતાં વિજ વાયરે ખેતર માલિક ના યુવાન પુત્ર નો ભોગ લીધો..

પાટણ તા. ૨૪

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના મેરવાડા ગામે ખેતર માંથી પસાર થતાં વિજ વાયરે થ્રેસર મશીન પર કામ કરી રહેલા ૪૫ વર્ષે ના યુવાન નો ભોગ લેતા જીઈબી તંત્રની બેદરકારી સામે મૃતકના પરિવારજનો સહિત ગ્રામજનોમાં રોષ ભભૂકી ઉઠયો હતો.

તો જીઈબી તંત્ર ની આ બેદરકારી ના કારણે યુવાન ગુમાવનાર ના પરિવારે ચાણસ્મા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા આ મામલે પોલીસે ગુનો નોંધી તપાસ ના ચક્રોગતિમાન કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

આ બનાવની મળતી હકીકત મુજબ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના મેરવાડા ગામે રહેતા અને ૪૫ વર્ષ ની ઉમર ધરાવતા પ્રકાશભાઈ

જયંતીભાઈ પટેલ ગુરૂવારે પોતાના ખેતરમાં થ્રેસર મશીન ઉપર કામ કરી રહ્યા હતા ત્યારે ખેતર માંથી પસાર થતાં અને સાવ નીચે લટકતા ચાલુ વીજ વાયરને તેઓ અડકતા વિજ કરંટ લાગતાં તેઓનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. બનાવની જાણ પરિવાર

જનોને થતાં મૃતક યુવાનની લાશને પીએમ માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.તો બનાવને પગલે ચાણસ્મા પોલીસે પણ ઘટના સ્થળે દોડી આવી મૃતકના પરિવાર

જનોની ફરિયાદ આધારે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

મેરવાડા ગામે ખેતર માથી પસાર થતા અને સાવ નીચે લટકતા વિજ વાયર મામલે ખેતરના માલિકે અનેક વખત ધિણોજ, ચાણસ્મા અને મોઢેરા જીઈબી કચેરીમાં આ વિજ વાયર મામલે રજુઆત કરવાની સાથે ઉપરોક્ત કચેરીઓના અનેક વખતના ચકકરો કાપ્યા છતાં જીઈબી કચેરી દ્વારા ઉપરોક્ત ખેડૂત ના ખેતર માંથી પસાર થતાં અને નીચે લટકતા વિજ વાયર ની યોગ્ય અને સમયસરની કામગીરી હાથ ન ધરતાં આજે પરિવારના યુવાને જીવ ગુમાવવાનો વારો આવ્યો હોય જેને લઈને મૃતક યુવાનના પરિવાર

જનો સહિત સમગ્ર મેરવાડા ના ગ્રામજનોમાં જીઈબી ની બેદરકારી સામે રોષ ફેલાયો છે. આ મામલે મૃતક યુવક ના પરિવારે ચાણસ્મા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ઘટના ની ઝીણવટભરી રીતે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

# અગ્રણી સમાજસેવક મિતલ ખેતાણીના સુપુત્ર માનસ ખેતાણીનો તા.૨૭ ના રોજ ૧૫ માં વર્ષમાં મંગલ પ્રવેશ

## રાજકોટમાં સોમવારે જીવદયા પ્રવૃતિઓ સાથે જન્મદિનની ઉજવણી કરાશે

જાહેર જીવનના વરીષ્ઠ, સહકારી અગ્રણી સ્વ.નરોતમભાઈ ખેતાણી તેમજ ગં.સ્વ. હરદેવીબેન ખેતાણીનાં પુત્ર, યુવા સેવાભાવી અગ્રણી અને ભારત સરકારની પશુપાલન અને ડેરી મંત્રાલય કમિટી, એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાની એવોર્ડ એન્ડ ઈવેન્ટ કમીટી તેમજ ગુજરાત સરકારનાં સ્ટેટ એનીમલ વેલફેર બોર્ડનાં મેમ્બર મિતલ ખેતાણી અને ડીમ્પલ ખેતાણીનાં પુત્ર ચિ. માનસ તા. ૨૭ ના રોજ ૧૫ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયાં છે.

દરેક જન્મદિવસની જેમ આ વખતે પણ અનેકવિધ સત્કાર્યો, જીવદયા પ્રવૃતિઓ સાથે માનસનાં જન્મદિનની ઉજવણી થઈ રહી છે. માનસ પોતે પોતાની બાળ મંડળી સાથે નજીકનાં વિસ્તારોમાં વર્ષક ૧૫ વૃક્ષોનું વાવેતર કરી પક્ષીઓને ચણ, કીડીઓને કીડીયારું, કૂતરાને દૂધ રોટલી, ગાયોને ઘાસ, માછલીઓને લોટની ગોળી, ખીસકોલીઓને મકાઈ તેમજ આસપાસનાં વિવિધ ઘરોમાં ચકલાનાં માળા, બર્ડ ફીડર લગાડી, પક્ષીઓનાં રામ પાતર મુકી, ગૌમાતાની પાણી પીવાની કુંડીઓ મુકશે અને સાથમાં જ ઉંમરો, પીપળો જેવાં પક્ષી, પર્યાવરણને ફાયદાકારક, માનવતાને ઉપયોગી ઓકિસજન વર્ધક ૧૫ વૃક્ષનું વાવેતર કરી જન્મદિનની સેવામય ઉજવણી કરશે.

માનસ મિતલ ખેતાણી મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯

# સુંદર મૃત્યુ



મૃત્યુનો મહેરામણ જોયો. મૃત્યુની ભવ્યતા જોઈ . મૃત્યુમાં છુપાયેલી કરુણા જોઈ. શાંત મ્દ્રીત્યુ જોયું. દર્દનાક મૃત્યુ જોયું. તડપતાં જાન નિકળતો જોયો કિંતુ, મૃત્યુ સુંદર હોઈ શકે તેવી કલ્પના પણ કરી છે?અનુભવ્યું અને દંગ થઈ ગઈ. મારી બહેનપણિની માતા હોસ્પિટલમાં હતી. નાની દીકરી છેલ્લી ઘડીએ આવી ન હતી એટલે 'વેંટિલેટર' પર ઈચ્છા ન હોવા છતાં પણ રખી હતી.ઘરના બધા નજદિક હતા. 'બા'ની મરજી હતી એટલે ખાસ બે બહેનપણિઓને હોસ્પિટલમાં બોલાવી.

શાંત મુદ્રા. મુખ પર ચિરનિંદ્રામાં પોઢવાની તૈયારી. અમે બધા એક પછી એક જઈ બાને માથે હાથ ફેરવી પ્રણામ કરી ઊભા હતા. આજે નાની દીકરી એરપોર્ટ પર ઉતરીને સીધી હોસ્પિટલ આવવા રવાના થઈ ગઈ હતી. મારી સાથે મારા પતિ, બીજી બહેનપણી પણ તેના પતિ સાથે આવી હતી. માની મરજી હતી જવા સમયે ભગવાનનું કિર્તન થાય. રાજીવ ભજન અને પ્રાર્થના કરવા માટે તૈયાર થયો.

વાતાવરણમાં પાવનતા પ્રસરી ગઈ. બાપુજી પણ માની અંતિમ ક્ષનોૅએ તેમનો હાથ ઝાલી ઊભા હતા. પ્રાર્થનામાં ભાવ વિભોર થઈ સહુ બે હાથ જોડી ઊહા હતા.વેંટીલેટરની સ્વીચ બંધ કરી. બુઝતા દીપકની જેમ છેલ્લી ઘડીએ માએ આંખ ખોલી. અને મધુરું સ્મિત આપી વિરમી ગયા.આવું ભવ્ય મૃત્યુ જોઈ સહુ પ્રભુને તેની કૃપા માટે સ્મરી રહ્યા.

**પ્રવિણા ,કડકીયા,અમેરીકા**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.